# ડીસાના તબીબની હોસ્પિટલમાં ગર્ભ પરીક્ષણ થતું હોવાનો પર્દાફાશ

**રાજસ્થાનના આરોગ્ય વિભાગની ટીમનો સપાટો : સોનોગ્રાફી મશીન સીલ**




ડીસા, તા.૩૦

સરકારી કાયદાઓનું ઉલ્લંઘન કરી કાયદાને ધોળીને પી જનારાઓને ક્યારેક તંત્રની લાલ આંખનો પરચો પણ મળતો હોય છે. સરકારે ગર્ભ પરિક્ષણ નિષેધનો કાયદો પણ બનાવ્યો છે જેમાં ગર્ભ પરિક્ષણ કરનાર અને કરાવનાર સામે કાયદાકીય શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે છે. શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારની હોસ્પિટલોમાં ગર્ભ પરીક્ષણ ગુન્હાપાત્ર હોવાના બોર્ડ પણ લટકતા જોવા મળે છે.તેમ છતાં ખાનગી હોસ્પિટલોમાં ગર્ભ પરિક્ષણનું પાપ આચરાતું રહે છે.બનાસકાંઠાના ડીસા ખાતે સ્પોર્ટ્સ કલબ નજીક આવેલી ખાનગી હોસ્પિટલમાં લિંગ પરીક્ષણ કરાતું હોવાની સચોટ બાતમીના આધારે રાજસ્થાન સરકારના પી.સી.પી.એન.ડી.ટી. સેલ દ્વારા ગત મંગળવારે સાંજે આ હોસ્પિટલમાં છટકું ગોઠવાયુ હતું. જે વખતે આ હોસ્પિટલમાં ગર્ભ પરીક્ષણ કરાતું હોવાનો પર્દાફાશ થયો હતો. આ છટકા દરમ્યાન ડીસાના તબીબ મહિલા પાસેથી ઊંચી ફી લઈ ગર્ભ પરીક્ષણ કરવા જતાં રંગે હાથ ઝડપાઈ જતા પોલીસે આ હોસ્પિટલનું સોનોગ્રાફી મશીન શીલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ રાજસ્થાનના જયપુરની મહિલાએ ગર્ભ પરીક્ષણ બાબતે જયપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના અનુસંધાને રાજસ્થાનના અધિકારીઓની ટીમે ડીસા ખાતે ગાયત્રી મંદિર પાસે આવેલી ડો.જીજ્ઞેશ પટેલની કિષ્ણા હોસ્પિટલમાં કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં બોગસ એજન્ટ સાથે રૂપીયા ૨૦ હજાર લઈને ગર્ભવતી મહિલાને મોકલવામાં આવી હતી.બાદમાં અધિકારીઓએ હોસ્પિટલમાં ધસી જઈ તપાસ હાથ ધરી હતી. જોકે ડો.જીગ્નેશ પટેલે પોતે લિંગ પરીક્ષણ ન કર્યુ હોવાનું જણાવી પોતાનો બચાવ કરવાની કોશિશ કરી હતી.જો કે રાજસ્થાનના અધિકારીઓએ ડો. જીજ્ઞેશ પટેલની હોસ્પિટલનું રૂપિયા નવ લાખનું સોનોગ્રાફી મશીન સીલ કરી કબ્જે લીધું હતું. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન રાજસ્થાનના અધિકારીઓએ ગુજરાત પોલીસની મદદ માંગતા ડીસાના ડી.વાય.એસ.પી. ડીસા ઉત્તર પોલીસ, જીલ્લા એલ.સી.બી.તેમજ એસ.ઓ.જી. પોલીસની ટીમ સહિત પોલીસ સ્ટાફ દોડી આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં ડીસા સહિત જીલ્લાની તબીબી આલમમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

**શામળાજીના ગડાદર પાટિયા નજીક**

# લકઝરી બસ ટ્રક પાછળ ઘૂસી જતા ૨૫ નેપાળી ઈજાગ્રસ્ત

**સદનસીબે જાનહાની ટળતા નેપાળી પરીવારોએ રાહત અનુભવી**

શામળાજી, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના અમદાવાદ-ઉદેપુર નેશનલ



હાઈવે.નં-૮ પર આવેલા શામળાજી નજીક ગડાદાર પાટિયા નજીક ટ્રક પાછળ રાજસ્થાન તરફથી આવતી લકઝરી બસના ચાલકે અથડાવતાં લકઝરી બસમાં મુસાફરી કરતા ૨૫ નેપાળી લોકોના શરીરે નાની મોટી ઈજાઓ પહોંચતા ભારે અફડાતફડી મચી હતી. અકસ્માતના પગલે લકઝરી બસમાં મુસાફરી કરતા મુસાફરોએ ચીસા-ચીસ કરી મૂકી હતી. અકસ્માતમાં ઘાયલ ઈજાગ્રસ્તોને હાઈવે એમ્બ્યુલન્સ મારફતે શામળાજી અને હિંમતનગર સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. શામળાજી પોલીસ અકસ્માત સ્થળે પહોંચી અકસ્માતથી સર્જાયેલ ટ્રાફિક પૂર્વરત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી નજીક ગડાદર પાટિયા નજીક રાજસ્થાન તરફથી આવતી લકઝરી બસના ચાલકે આગળ જતી ટ્રકમાં લકઝરી બસ ઘુસાડી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. નેપાળથી અમદાવાદમાં રોજી રોટી મેળવવા



લકઝરી બસમાં નેપાળની સુનોલી બોર્ડરથી ૮૪ નેપાળી પુરુષો-મહિલાઓ કુટુંબ કબીલા સાથે આવવા નીકળ્યા હતા. લકઝરી બસ ગડાદર પાટિયા નજીક પહોંચતા લકઝરી બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા આગળ જતી ટ્રકમાં પાછળથી ધડાકાભેર ઘુસાડાતા લકઝરી બસમાં સવાર ૨૫ નેપાળી લોકોના શરીરે ગંભીર રીતે ઘાયલ થતા લકઝરી બસમાં મુસાફરી કરતા લોકો ભયભીત બની ચીસો પાડતા ભારે અફડાતફડી મચી હતી. અકસ્માતના પગલે આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ લકઝરીમાં ફસાયેલ મુસાફરોને બહાર કાઢી હાઈવે એમ્બ્યુલન્સ મારફતે શામળાજી અને હિંમતનગર સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકમતના પગલે ટ્રાફિકજામ થતા શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક પૂર્વરત કરાવી ટ્રક ચાલક જયંતિભાઈ રૂમાલભાઈ ખાંટની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર લકઝરી બસના ડ્રાઈવર વિરુદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. બંને હોસ્પિટલના તબીબો અને નર્સોએ ખડેપગે ઈજાગ્રસ્તોને સારવાર આપી હતી.

લકઝરી બસમાં સવાર નેપાળી લોકોને અકસ્માત નડતા ગુમસુમ બની ગયા હતા. અકસ્માતમાં બચી ગયેલા નેપાળી પુરુષો, મહિલાઓ અને બાળકો ભયભીત અવસ્થામાં ઝાડ નીચે બેસી પરિવારજનોને થયેલી ઈજાઓ અને સારવાર અર્થે ચિંતિત બન્યા હતા.

# ભિલોડા તાલુકાના વેજપુર ગામની સગીર વયની યુવતીનું અપહરણ

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર ગામની સગીર વયની યુવતીને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદા પુર્વક યુવકે અપહરણ કર્યું છે.યુવતીના માતા-પિતા,સગાં-સબંધીઓએ શોધખોળ કરવા છતાં યુવતીની કોઈ ભાળ ન મળતાં યુવતીના અપહરણ સંદર્ભે પોલીસ સ્ટેશનમાં યુવક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ચંદુભાઈ ભગોરાના જણાવ્યા મુજબ વેજપુર ગામની સગીર વયની યુવતીને સંજય નિનામાએ લગ્ન કરવાની લાલચ આપી લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદા પુર્વક અપહરણ કરતાં મામલો ગરમાયો હતો. ભિલોડા તાલુકાના વેજપુર ગામની સગીર વયની યુવતીના અપહરણના બનાવ સંદર્ભે પોલીસ સ્ટેશનમાં સંજયભાઈ બાબુભાઈ નિનામા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ભિલોડા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર એમ.ડી.પરમાર વેજપુર ગામની સગીર વયની યુવતીના અપહરણ સંદર્ભે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસનું પ્રમુખપદ મેળવવા હોડ

**પાંચ કોંગ્રેસીઓ પ્રદેશ અને દિલ્હીના આકાઓની શરણે**

હિંમતનગર, તા. ૩૦

વિધાનસભાની ચૂંટણી દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં કોંગ્રેસે ધાર્યુ પરિણામ ન મેળવતા આમ પ્રજામાં કોંગ્રેસની પ્રતિષ્ઠામાં પુષ્કળ ધોવાણ થયુ છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી કેન્દ્રીય અને પ્રદેશ સંગઠન દ્વારા સાબરકાંઠા જિલ્લામાં માળખુ ફરીથી બનાવવાની હિલચાલ શરૂ કરી છે ત્યારે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ બનવા માટે પાંચ દાવેદારોએ રીતસર હરીફાઈ કરીને અમદાવાદ અને દિલ્હીના આકાઓનું શરણુ લઈ પોતાની તરફે નિર્ણય લેવા આજીજી કરી રહ્યા છે.

### તાલુકા પંચાયતોમાં કોંગ્રેસનું શાસન હોવા છતાં વિકાસ કામોથી પ્રજામાં નારાજગી

સાબરકાંઠા જિલ્લામાં આવેલી મોટાભાગની તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તા પર હોવાને કારણે જે વિકાસ કામો કરવાના હોય છે તેમા રાજ્ય સરકાર દ્વારા સમયસર ગ્રાન્ટ મળતી ન હોવાનો સદસ્યો આક્ષેપ કરે છે. જેના કારણે ગામડાઓમાં જરૂરી વિકાસ કામો કરવામાં વિલંબ થાય છે. જોકે કેટલાક વિકાસ કામો થઈ રહ્યા છે. પરંતુ તેમાં સદસ્યો પોતાના મળતીયાઓને રાજી રાખવા કામ તેમને આપી દે છે.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના વર્તમાન પ્રમુખની કાર્યશૈલીને કારણે પાંચથી વધુ જુથમાં નવા અને જુના કોંગ્રેસી કાર્યકરોએ વહેંચાઈ જઈ પોતાના અલગ ચોકા કરી દીધા છે. દરમ્યાન થોડા સમય અગાઉ હિંમતનગરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં કોંગ્રેસના આ જુથવાદે પ્રદેશના મોવડીઓને ચોકાવી દીધા હતા. જેના કારણે નાછુટકે પ્રદેશના મોવડીઓએ જિલ્લાના સંગઠનમાં સત્વરે ફેરફાર કરવાની ખાતરી આપી હતી.

તો બીજી તરફ જિલ્લા કોંગ્રેસનું પ્રમુખ પદ મેળવવા માટે વિધાનસભાની ચૂંટણી લડી ચુકેલ વિપુલ પટેલ, પૂર્વ કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, ભાજપમાંથી કોંગ્રેસમાં આવેલા ગજેન્દ્રસિંહ રહેવર તથા ઈડરના નંદુભાઈ પટેલ તથા અન્ય એક પીઢ કોંગ્રેસીએ પોતાની દાવેદારી નોંધાવી છે. જેના માટે જિલ્લાના કેટલાક અગ્રણી કાર્યકરોએ ગાંધીનગર અને અમદાવાદ જઈને સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તરીકે કોને જવાબદારી સોંપવી તે અંગે વિશદ ચર્ચા કરી ઈશારામાં મોવડીઓને કાનમાં કહી દીધુ છે.

એટલુ જ નહિ પણ એક પીઢ કોંગ્રેસીને સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ બનાવવા માટે એક ધારાસભ્યએ મિત્રભાવે મદદ કરવાની આશયથી દિલ્હી સુધી વાત પહોંચાડી દીધી હોવાનું સૂત્રોમાંથી જણાવાયુ છે. તો બીજી તરફ કોંગ્રેસ હજી જિલ્લા અને તાલુકા કક્ષાએ સંગઠનમાં ફેર બદલ કરવાની વાતો કરી રહી છે ત્યારે ભાજપે લોકસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરીને બુથ લેવલના કાર્યકરો સાથે બેઠક યોજી મસલત શરૂ કરી છે ત્યારે એટલુ ચોક્કસ છે કે કોંગ્રેસ કરતા ભાજપ ચૂંટણી લક્ષી વ્યુહ રચના ગોઠવવામાં જરાપણ પાછળ નથી.

### ભાજપે ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી

હજુ તો કોંગ્રેસ સંગઠનના ઠેકાણા નથી ત્યારે ભાજપે લોકસભાની ચૂંટણીની ૮ મહિના બાકી હોવા છતાં બુધવારે હિંમતનગર શહેર ભાજપની બેઠક મળી હતી. જેમાં લોકસભાની ચૂંટણીને લઈને ચર્ચા પણ થઈ હતી અને આગામી દિવસમાં જિલ્લા ભાજપની કારોબારી યોજાનાર છે ત્યારે હજુ તો કોંગ્રેસ પાશેરામાં પહેલી પુણી મુકી નથી. અને કેન્દ્રમાં સત્તા મેળવવાની વાતો કરે છે ત્યારે મતદારો કોંગ્રેસના આ દાવાને હાસ્યાસ્પદ ગણાવીને ગણકારતા નથી.

# અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં બેંકોની હડતાલ પ્રથમ દિવસે કરોડો રૂપિયાના વ્યવહાર અટવાયા




મોડાસા, તા.૩૦

વેજ રિવિઝન સહિતની પડતર માંગણીઓ સંદર્ભમાં નેશનલાઈઝડ બેન્કના કર્મચારી યુનિયને ૩૦ અને ૩૧ મે ૨૦૧૮ના રોજ રાષ્ટ્રવ્યાપી હડતાળનું એલાન આપ્યું હતું. જેમાં અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાની રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓ જોડાતા કરોડો રૂપિયાના વ્યવહાર અટવાઈ પડ્યા હતા. ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનો બેંક હડતાલથી અજાણ હોવાથી લોકોને ધરમધક્કા ખાવા પડ્યા હતા. હજુ ગુરુવારે પણ બેંક હડતાલ હોવાથી બેંકો બંધ રહેવાથી પ્રજાજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં આવેલી રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓની બે દિવસ હડતાલના પ્રથમ દિવસે બેંકના કર્મચારીઓ કામકાજથી અળગા રહેતા કરોડો રૂપિયાનું ક્લિયરિંગ અટવાઈ પડ્યું હતું. જીલ્લામાં ખાનગી બેંક અને સહકારી બેંકો હડતાલથી દૂર રહેતા પ્રજાજનોએ આંશિક રાહત અનુભવી હતી. બેંક કર્મચારી યુનિયનના સદસ્યના જણાવ્યા અનુસાર પહેલી નવેમ્બર ૨૦૧૭થી મળવા પાત્ર પગાર વધારો આપવાનું કેન્દ્ર સરકાર ટાળી રહી છે. ઈન્ડિયન બેંક એસોસિએશન ને તેમની માંગણી સમાધાન કરવા વારંવાર કરેલી રજુઆત બહેરા કાને અથડાઈ રહી છે તદઉપરાંત બેંકના નફાને એનપીએ માં એડજસ્ટ કરી બેંકનો નફો ઓછો થયો હોવાનો આભાસ ઉભો કરવામાં આવી રહ્યો છે અને પગાર વધારાની માંગણી સહીત અનેક પડતર માંગણીઓ ન સંતોષાતા ન છૂટકે છેવટે રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓએ હડતાલનું શસ્ત્ર ઉગામવું પડ્યું હોવાનું જણાવ્યું હતું.

# શામળાજીના વિશ્વકર્મા મંદિરમાં તસ્કરો ત્રાટક્યા : ફોગટનો ફેરો

**મંદિરનો ચોકીદાર જાગી જતા તસ્કરોને ફોગટનો ફેરો**

શામળાજી, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં ચોર લૂંટારુઓ બેફામ બનતા જિલ્લાના પ્રજાજનોમાં ભયનો માહોલ પેદા થયો છે. પોલીસતંત્રનો ચોર લૂંટારુ અને ધાડપાડુ ગેંગને પકડવા પનો ટૂંકો પડી રહ્યો હોય તેવું જિલ્લાવાસીઓ અહેસાસ અનુભવી રહ્યા છે. જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે આવેલ વિશ્વકર્મા મંદિરમાં રાત્રીના સમયે ધાડપાડુઓ ત્રાટકી મંદિરનો દરવાજો તોડી ચોરી લૂંટની ઘટનાને અંજામ આપે તે પહેલા મંદિરનો ચોકીદાર જાગી જતા ૩ તસ્કરો ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના સી.સી.ટીવીમાં કેમેરામાં કેદ થઈ હતી. મંદિરમાં ચોરીનો નિષ્ફળ થયાની જાણ મંદિરના ટ્રસ્ટીઓને થતા તાબડતોડ મંદિરમાં દોડી આવી શામળાજી પોલીસને જાણ થતા તપાસ હાથ ધરી હતી. ચોરીની ઘટનાનો વિડિઓ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા ચકચાર મચી હતી.

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરની નજીક આવેલા વિશ્વકર્મા મંદિરમાં મધ્યરાત્રીએ લૂંટ ચાલવાના ઈરાદે ત્રણ ઘરફોડિયા ત્રાટકી મંદિર પરિસરમાં તપાસ હાથ ધરી મંદિરમાં ચોકીદાર કે અન્ય વ્યક્તિ ન જણાતા મંદિરના મુખ્ય દરવાજાનું લોક તોડી પ્રવેશ કરી લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા હતા ત્યારે અવાજ થતા ગરમીના પગલે મંદિરના ધાબા પર નિંદ્રામાં પોઢી રહેલ ચોકીદાર અને અન્ય એક વ્યક્તિ નીચે દોડી આવતા ચોરી કરનાર ત્રણે લૂંટારુઓ નાસી છૂટ્યા હતા. ચોકીદાર દોડી આવતા ચોરોને મંદિરમાં ચોરી કરવાનો મનસૂબો બર આવ્યો ન હતો અને ફોગટનો ફેરો સાબિત થયો હતો. સમગ્ર ચોરીને અંજામ આપવાનો ઘટનાક્રમ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. વિશ્વકર્મા મંદિરમાં લૂંટના નિષ્ફળ પ્રયાસ અંગે મંદિરના ટ્રસ્ટીઓને જાણ કરતા તાત્કાલિક મંદિરે દોડી આવી મંદિરમાં થયેલ લૂંટની ઘટનાના નિષ્ફળ પ્રયાસ અંગે શામળાજી પોલીસને જાણ કરતા શામળાજી પોલીસે સીસીટીવી કેમેરાના રેકોર્ડિંગના આધારે તપાસ હાથ ધરી હોવાનું પોલીસ સૂત્રો પાસેથી માહિતી મળી હતી.

અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્રની કામગરી અંગે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે અને પોલીસ તંત્રની કામગીરી પણ ''ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળા'' મારવા જેવી થઈ ગઈ છે. ગુનો બન્યા પછી પોલીસતંત્ર હરકતમાં આવી કેટલાક ગુન્હાઓ ઉકેલવામાં સફળ રહી છે પરંતુ પોલીસ ગુન્હાખોરીને અટકાવવામાં સંપૂર્ણ નિષ્ફળ રહી હોવાની ચર્ચા જીલ્લામાં ટોક ઓફ ધી ટાઉન બની છે.

# રાજ્ય પ્રા. શિક્ષક ઉત્કર્ષ મંડળની રાજ્ય કારોબારીની બેઠક શામળાજી ખાતે યોજાઈ

શામળાજી, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના




શામળાજી ખાતે ગુજરાત રાજ્ય પ્રા. શિક્ષક ઉત્કર્ષ મંડળની કારોબારી બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગીરસોમનાથ, અમદાવાદ, ખેડા, પાટણ, બનાસકાંઠા, દાહોદ, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લાના પ્રતિનિધિ તથા સભ્યો હાજર રહ્યા હતા. આ કારોબારીમાં ઉત્કર્ષ મંડળના પ્રમુખ તરીકે રજનીકાંત કાપડીયા અને કાર્યકારી મહામંત્રી તરીકે અરવલ્લી જિલ્લાના રણજીતકુમાર વણકરની નિમણુંક કરવામાં આવી હતી. કાર્યક્રમનું સમગ્ર સંચાલન મગનભાઈ વણકરના માર્ગદર્શન હેઠળ અશ્વિન રાઠોડે કર્યુ હતું. તથા અરવલ્લી જિલ્લા ઉત્કર્ષ મંડળના પ્રમુખ જિતેન્દ્ર પંડ્યા તથા કમલેશ પરમાર, વિનુભાઈ રાઠોડ, પ્રકાશ વણકર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ખુબ જહેમત ઉઠાવી હતી.

# ખેડબ્રહ્મામાં નગરપાલિકા કારોબારી સમિતિના ચેરમેન સામે વિરોધનો વંટોળ

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા શહેરમાં હાલ ભારતીય જનતા પાર્ટી નગરપાલિકામા બેસે ત્રણ માસ માડ થયા છે ત્યારે સોમવારે સાંજે ત્રણ કલાકે મળનારી કારોબારી સમિતિની બેઠકમાં માત્ર બે સભ્યો હાજર રહ્યા હતા. ત્યારે કેટલાક સદસ્યો બહાના બતાવી ગેરહાજર રહ્યા હતા. એક ચાલુ સભ્યએ નામ ન આપવાની શરતે જણાવ્યુ કે કારોબારી સમિતિના ચેરમેન ધર્મેન્દ્રભાઈ મહેતા પોતાની જાતને કંઈક અલગ સાબીત કરવા માગે છે કોઈ પણ વોર્ડના સભ્યને સાંભળતા નથી પોતાનુ મનસ્વી વલણ અપનાવી રહ્યા છે તેથી અમો બધા ગેરહાજર રહ્યા હતા અને આવુ જ વલણ લાંબુ ચાલશે તો અમો બધા ભેગા મળીને અવિશ્વાસની દરખાસ્ત માટે રજુઆત કરવાના છીએ. આ બાબતે ઉપ પ્રમુખ અરવિંદભાઈ ઠક્કરને પુછપરછ કરતા ઘરે મહેમાન આવ્યા હતા તેથી અવાયું નથી તેવુ જણાવ્યું હતુ. હાલમા ચાર્જમા સીઓ તરીકે ગમારને પુછપરછ કરતા ક્યા કારણોસર ગેરહાજર રહ્યા છે હુ કાઈ ન કહી શકુ.

# પ્રાંતિજ ખાતે બેંકો બંધ રહેતા ગ્રાહકોને હાલાકી




પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે પણ કેટલીક બેંકોમાં બેંક કર્મચારીઓની પડતર માંગણીઓ પગાર વધારા સહિતની માંગને લઈને બેંકો બંધ જોવા મળી હતી તો બેંકો બંધ રહેતાં બેંક ગ્રાહકોની પરેશાનીઓમાં વધારો થયો હતો.

જીલ્લા સહિત પ્રાંતિજ ખાતે પણ બેંક કર્મચારીઓની પડતર માંગણીઓ પગાર વધારો રજાઓ સહિતની માંગણીઓને લઈને આજથી બે દિવસની હડતાળ ઉપર ઊતરી ગયા છે જેનાં કારણે પ્રાંતિજ ખાતે પણ સ્ટેટ બેંક, બેંક ઓફ ઈન્ડિયા, કેનેડા બેંક, દેનાબેક સહિતની બેંકો બંધ રહેતાં બેંક ગ્રાહકો મુશ્કેલીઓમાં મુકાયા હતાં. બેંકોમાં થતું ચેક, રોકડા, જમા ઉપાડ, એફડી, આરટીજીએસ સહિતની કામગીરી સ્થગિત થઈ હતી. તો પ્રાંતિજ ખાતે હડતાળથી દુર દેના ગ્રામિણ, એચ.ડી. એફ.સી. બેંક, સાબરકાંઠા બેંક જેવી બેંકો ચાલું જોવાં મળી હતી.

# પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા કોંગ્રેસના ધારાસભ્યનું પૂતળા દહન



પાલનપુર, તા. ૩૦

પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા શહેરના ગુરુનાનક ચોક ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી ના માતૃશ્રી પર તાજેતરમાં અપમાનજનક શબ્દોની ટિપ્પણી કરતા કોંગ્રેસના ધારાસભ્ય નો વિરોધ કરી તેમનું પૂતળા દહન કરવામાં આવ્યું હતું.

અમરેલી ના કોંગ્રેસના ધારાસભ્ય વિરજી થુમ્મર દ્વારા ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી ના માતા વિશે અપમાનજન્મ શબ્દો નું ઉચ્ચારણ કર્યું હતું જેના પડઘા સમગ્ર ગુજરાત રાજ્યમાં પડ્યા છે અને જેને લઈ પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા વિરજી થુમ્મર ના પૂતળાનું દહન કરી તેમના વિરોધમાં સૂત્રો બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. આ પ્રસંગે પાલનપુર શહેર ભાજપ, જીલ્લા મહિલા મોરચો, જીલ્લા યુવા મોરચો, તાલુકા યુવા મોરચો પણ આ કાર્યક્રમ માં જોડાયો હતો અને વિરોધ દર્શાવ્યો હતો. આ પ્રસંગે જીલ્લા ભાજપ મહામંત્રી અમરતભાઈ દવે, જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ મિતાબેન સોની, રાષ્ટ્રીય યુવા મોરચાના કારોબારી સદસ્ય હિતેશ ચૌધરી, પાલિકા પ્રમુખ નીલમબેન જાની, ભાજપ અગ્રણી માધુભાઈ રાણા, શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, શહેર યુવા મોરચાના પ્રમુખ અશોકભાઈ પટેલ, તાલુકા યુવા ભાજપ પ્રમુખ મહેન્દ્ર ચૌધરી, પાલિકાના સદસ્યો સહિત આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.